eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 317
June 22, 2012

## નોર્થ ઝોન(કતારગામ) ખાતે "ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે મીટીંગનું આયોજન



'ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન' અન્વયે રેલી જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, પુનઃવસનની કામગીરી તથા સાફસફાઈની કામગીરી સુવ્યવસ્થિત રીતે અને સમયસર કરી શકાય તે હેતુસર સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ સાથે સંકલન કરી કતારગામ ઝોન વિસ્તારમાં સદર સંસ્થાઓ કેવી સેવાઓ આપવા તત્પર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "કેન્દ્ર સરકાર ધ્વારા ટીબી હવે નોટીફાયેબલ ડીઝીઝ પ્રાઈવેટ/સ્વૈચ્છિક સંસ્થાઓએ ટીબીનાં કેસોની માહિતી આપવી"

ટીબીનાં અસરકારક નિયંત્રણ અર્થે ટીબીનાં કેસોની માહિતી હોવી જરૂરી છે, જે અનુસંધાને હાલ "ડોટસ" અસરકારક રીતે અમલમાં હોઈ તેનાં તમામ કેસોની માહિતી ટીબી રજીસ્ટરમાં હોય જ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મુલાકાતીઓ માટે બટરફલાયપાર્ક અને ઈન્સેકટ કિંગડમ અચોકકસ મુદત માટે બંધ રહેશે

તા.૧૯/૦૬/૨૦૧૨ના રોજ રાત્રિ દરમ્યાન આવેલ વરસાદ અને વાવાઝોડાને કારણે બટરફલાયપાર્ક ઉપર પાથરેલ જાળી તથા તેના સપોર્ટીંગ સ્ટ્રકચરને નુકશાન થવાને લીધે બટરફલાયપાર્ક અને ઈન્સેકટ કિંગડમને તા. ૨૦/૦૬/૨૦૧૨ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ બ્લડ બેંકમાં દર વર્ષે શિબિર(કેમ્પ) આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ વખત રકતદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ બ્લડ બેંકમાં દર વર્ષે શિબિર(કેમ્પ) આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ વખત રકતદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભ આજ રોજ તા.૨૬/૬/૧૨ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સ્મીમેર ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજનુ

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કુલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ– ગૃડા–૨૦૧૧કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજનુ

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧ માં સુધારા અંગેનું જાહેરનામુ તા. ૪–૬–૧૨ નાં રોજ પ્રસિધ્ધ થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# નોર્થ ઝોન(કતારગામ) ખાતે ''ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન'' અન્વયે મીટીંગનું આયોજન



'ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન' અન્વયે રેલી જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, પુનઃવસનની કામગીરી તથા સાફસફાઈની કામગીરી સુવ્યવસ્થિત રીતે અને સમયસર કરી શકાય તે હેતુસર સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ સાથે સંકલન કરી કતારગામ ઝોન વિસ્તારમાં સદર સંસ્થાઓ કેવી સેવાઓ આપવા તત્પર છે. તે બાબત સુનિશ્ચિત કરવા તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા 'આપત્તિ વ્યવસ્થાપન આયોજન' અન્વયે કરેલ વિવિધ તૈયારીઓ અંગે ચર્ચા કરી તે અંગે સમજ આપી સદર આયોજન વધુ સારી રીતે કરી શકાય. તેમાં સદર સંસ્થાઓનાં સૂચનો વિગેરે માટેની એક મીટીંગ તા.૨૦/૦૬/૧૨ના રોજ ૧૧.૦૦ કલાકે નોર્થ ઝોનનાં મીટીંગહોલમાં રાખવામાં આવેલ. જેમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનાં પ્રમુખશ્રી/પ્રતિનિધિઓ હાજર રહેલા તેમજ કતારગામ ઝોનનાં કાર્યપાલક ઈજનેર, નાયબ આરોગ્ય અધિકારી, પર્સોનેલ ઓફીસર, નાયબ ઈજનેરશ્રી વિગેરે પણ હાજર રહેલા. આ મીટીંગમાં મીટીંગનો ઉદેશ સમજાવી ભૂતકાળના અનુભવોને ધ્યાને લઈ કરવામાં આવેલ આયોજનોનો વિગતવારનો ચિતાર રજુ કરતું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. વિશેષમાં કુદરતી આફત પહેલા કરવા જોગ આગોતરા આયોજનની માહિતી આપવામાં આવી. જે અન્વયે સ્થળાંતર સમયે રીલીફ સેન્ટરો અને તેનાં જવાબદાર અધિકારીની માહિતી આપવામાં આવેલ અને આ સાથે કતારગામ ઝોનનાં સંકળાયેલ કર્મચારીઓનાં સંપર્ક નંબરો તથા સોંપેલ કામગીરી, રીલીફ સેન્ટર વિગેરે માહિતી આપવામાં આવી. જેથી પ્રજાજનો આપતિનાં સમયે તાકીદે સંપર્ક કરી શકે તથા ઝડપથી સેવા અસરગ્રસ્તોને પહોંચાડી શકાય. આરોગ્ય ખાતા ધ્વારા કરવામાં આવતી સાફ સફાઈ તથા ફુડ પેકેટ વહેંચવાની વ્યવસ્થાની વિગતો પણ આપવામાં આવી.

કતારગામ ઝોન વિસ્તાર સામાન્યત : નદી પુર અસરગ્રસ્ત વિસ્તાર હોય, આ ઝોનના નીચાણવાળા વિસ્તારો, ખાડી પુલોના મહતમ ફલડ લેવલ તથા રીલીફ સેન્ટરો ઉપર સ્થળાંતરની કામગીરી તથા સ્થળાંતર બાદ રીલીફ સેન્ટરોના સેનીટેશન, ફુડ પેકેટ વહેંચણી વિગેરે કામગીરીની પણ વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

TOP

## "કેન્દ્ર સરકાર ધ્વારા ટીબી હવે નોટીફાયેબલ ડીઝીઝ પ્રાઈવેટ/સ્વૈચ્છિક સંસ્થાઓએ ટીબીનાં કેસોની માહિતી આપવી"

ટીબીનાં અસરકારક નિયંત્રણ અર્થે ટીબીનાં કેસોની માહિતી હોવી જરૂરી છે, જે અનુસંધાને હાલ "ડોટસ" અસરકારક રીતે અમલમાં હોઈ તેનાં તમામ કેસોની માહિતી ટીબી રજીસ્ટરમાં હોય જ છે. હવેથી તમામ પ્રાઈવેટ/સ્વૈચ્છિક હોસ્પિટલ, લેબોરેટરી તથા પ્રાઈવેટ પ્રેકટીશનરોએ ટીબીનાં નિદાન તથા સારવાર અંગેની માહિતી આપવી કેન્દ્ર સરકારનાં તા.૭/૫/૧૨નાં નોટીફીકેશનથી જરૂરી બનાવેલ છે. જે અનુસંધાને ટીબીનાં કેસોની માહિતી દર માસે નામ, સરનામા સહિત તેના નિયત ફોર્મેટમાં નોડલ ઓફિસર–સીટી ટીબી ઓફિસર,સુરત મહાનગરપાલિકા, હિરાબાગ હેલ્થ સેન્ટર, વરાછા રોડ, સુરત ખાતે મોકલવામાં જણાવેલ છે. ઉપરાંત વધુ માહિતી અર્થે સુરત મહાનગરપાલિકાનાં નજીકનાં હેલ્થ સેન્ટર ખાતે સંપર્ક કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટીબીની અસરકારક અને પરિણામલક્ષી સારવાર "ડોટસ" પધ્ધતિ હેઠળ શહેરનાં તમામ હેલ્થ સેન્ટર ખાતે પણ ઉપલબ્ધ છે તથા વિશ્વનાં ૨૦૦ જેટલાં દેશોમાં તે પ્રસિધ્ધ છે. વધુમાં હવે મલ્ટી ડ્રગ રેસીસટન્ટ ટીબીના સારવાર પણ તમામ શહેરી હેલ્થ સેન્ટર પર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. તમામ શહેરી જનોને તેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**TOP**

## મુલાકાતીઓ માટે બટરફલાયપાર્ક અને ઈન્સેકટ કિંગડમ અચોકકસ મુદત માટે બંધ રહેશે

તા.૧૯/૦૬/૨૦૧૨ના રોજ રાત્રિ દરમ્યાન આવેલ વરસાદ અને વાવાઝોડાને કારણે બટરફલાયપાર્ક ઉપર પાથરેલ જાળી તથા તેના સપોર્ટીંગ સ્ટ્રકચરને નુકશાન થવાને લીધે બટરફલાયપાર્ક અને ઈન્સેકટ કિંગડમને તા. ૨૦/૦૬/૨૦૧૨ થી અચોકકસ મુદત માટે અથવા જયાં સુધી સમારકામ પુર્ણ ન થાય ત્યાં સુધીની મુદત માટે મુલાકાતીઓના પ્રવેશ માટે બંધ કરેલ છે. જે જાહેર જનતાની જાણ માટે સરથાણા નેચરપાર્ક–પ્રાણી સંગ્રહાલયની કચેરી એક યાદીમાં જણાવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ બ્લડ બેંકમાં દર વર્ષે શિબિર(કેમ્પ) આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ વખત રકતદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભનું આયોજન




સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ બ્લડ બેંકમાં દર વર્ષે શિબિર(કેમ્પ) આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ વખત રકતદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભ આજ રોજ તા.૨૬/૬/૧૨ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સ્મીમેર ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવેલ. સદર સમારંભમાં અતિથિવિશેષશ્રીઓ તરીકે મા.ડે.મેયરશ્રી, મા.અધ્યક્ષશ્રી(સ્થાયી સમિતિ),મા.નેતાશ્રી(શાસક પક્ષ) તથા મા.અધ્યક્ષશ્રી(રૂ.વૈ.રા. અને તં.વ.સમિતિ) વિગેરે હાજર રહેલ હતા. આ સમારંભમાં સને ૨૦૦૯ થી સને ૨૦૧૧ના ૩(ત્રણ) આયોજકશ્રીઓને શિલ્ડ, રૂા.૧૦,૦૦૦/–ના એન.એસ.સી. તેમજ પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવેલ. ૩ વર્ષ દરમ્યાન ૧૦ કે ૧૦થી વધુ વખત સ્વૈચ્છિક રકતદાન કરનાર ૯(નવ) રકતદાતાશ્રીઓને રૂા.૫,૦૦૦/–ના એન.એસ.સી., શિલ્ડ તથા પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ. વધુમાં ૩ વર્ષ દરમ્યાન રકતદાન શિબિરનું આયોજન કરનાર ૧૨૦ સંસ્થાઓને પ્રશંસાપત્ર આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવોને રકતદાનનું મહત્વ સમજાવી રકતદાતાશ્રીઓની આ સામાજીક પ્રવૃતિને બિરદાવી હતી તેમજ ભવિષ્યમાં આ પ્રમાણે રકતદાન શિબિર(કેમ્પ)નું આયોજન કરવા અનુરોધ કરવામાં આવેલ હતો. મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ રકતદાતાઓ તથા રકતદાન કેમ્પ આયોજકોને પ્રોત્સાહન પુરુ પાડવા પ્રસંગોચિત સંબોધન કરેલ તેમજ મા.ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત રહેલ તમામ ઓર્ગેનાઈઝીંગ સંસ્થાઓ તથા રકતદાતાઓ ઉપરાંત મિડિયા, સ્ટાફ વિગેરેનો આભાર વ્યકત કરેલ હતો. સદરહુ કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં રકતદાતાઓ તથા રકતદાન શિબિર(કેમ્પ) આયોજકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ તેમજ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડયો હતો.

TOP

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૨૬/૦૬/૨૦૧૨ ને મંગળવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉવર્શીબેન રામીમાળી ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના કરતાં નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ **ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું** આયોજન **સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કુલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત** ખાતે કરવામાં આવેલ છે.જે સ્પર્ધા પૈકી **સાદી મહેંદી સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે** અને **અરેબીક(જરદોષી) મહેંદી સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે** યોજાશે. જેથી બન્ને વિભાગના સ્પર્ધકોએ તે મુજબની નોંધ લઈ સ્પર્ધા સ્થળે હાજર રહેવા વિનંતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ–ગૃડા–૨૦૧૧ કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજન

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧ માં સુધારા અંગેનું જાહેરનામુ તા. ૪–૬–૧૨ નાં રોજ પ્રસિધ્ધ થયેલ છે.

સુરત શહેર વિસ્તારમાં આવેલ બિનઅધિકૃત બાંધકામો આ કાયદા હેઠળ નિયમીત થાય તે માટે વધુમાં વધુ લોકો આ કાયદાનો લાભ લઈને નિયત સમયમર્યાદામાં અરજી કરે તે માટે આ કાયદાનો બહોળો ફેલાવો કરવા, તથા સમજ આપવા તથા તે અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે મા.ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) નાં અધ્યક્ષપણામાં આજ રોજ **તા.૨૭/૦૬/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીના જુના સ્થાયી સમિતી ખંડ, રૂમ નં.૮૦ માં** આઈ.સી.ઈ.એ, આઈ.આઈ.એ તથા આઈ.સી.ઈ ના આર્કિટકેટસ/ એન્જીનીયર્સ સાથે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સુડાના સીનીયર ટાઉન પ્લાનરશ્રી તથા બહોળી સંખ્યામાં આર્કિટકેટ/ એન્જીનીયર્સ ઉપસ્થિત રહી ભાગ લીધેલ છે.

સદરહુ વર્કશોપમાં કાયદામાં થયેલ સુધારાઓની વિસ્તૃત જાણકારી માટે એક પ્રેઝેન્ટેશન બાદ આર્કિટેકટ/ એન્જીનીયર્સ ધ્વારા ઉપસ્થિત કરાયેલ પ્રશ્નો સંદર્ભે વિસ્તૃત સમજ આપી સંતોષકારક સમજુતી આપવામાં આવેલ છે.

ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) શ્રી જીવણભાઈ એમ.પટેલે સદરહુ કાયદા અંગે વધુમાં વધુ લોકોને જાણકારી/ સમજ આપી કાયદો સફળ બનાવવા આર્કિટેકટ/એન્જીનીયર્સને અપીલ કરી, જે સંદર્ભે આર્કિટકેટ/એન્જીનીયર્સ તરફથી ખુબજ સકારાત્મક અભિગમ દાખવવામાં આવેલ છે.

TOP